# ટુ વ્હીલર અને એલ.એમ.વી. કારની સીરીઝનું રી- ઓકશન કરાશે

ગાંધીનગર: તા.૨૦

ગાંધીનગર એ.આર.ટી.ઓ. કચેરી દ્વારા ગાંધીનગર જિલ્લાના નાગરિકો પસંદગીનો નંબર મેળવી શકે તે માટે ટુ વ્હીલર તથા એલ.એમ.વી. કારની સીરીઝનુ રી-ઓકશન આયોજન કરવામાં આવ્યું છે. સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ જણાવ્યું છે કે રી-ઓકશનની ઓનલાઈન અરજી આગામી તા. ૦૧ થી તા. ૦૩ ઓગસ્ટ સુધી કરી શકાશે.

ઓનલાઈન ઓકશનએ ડાયનેમિક ઓકશન પ્રોસેસ રહેશે એટલે કે અરજદારને વેબસાઈટ પર હરાજી પ્રક્રિયા દરમ્યાન વખતો-વખત હરાજીની રકમનો ઉમેરો કરવાનો રહેશે. આ ઉમેરો એક હજારના ગુણાંકમાં વધારવાનો રહેશે. હાલની વન ટાઈમ બીડીંગ પ્રોસેસ જેમ એક જ વખત બીડ પ્રોસેસ કરી શકશે નહી. ઓનલાઈન અરજી આગામી તા. ૦૧ થી ૦૩ ઓગસ્ટ દરમ્યાન કરી શકાશે અને ઈ- ઓકશનનો બિડિંગ કરવાનો સમય આગામી તા. ૦૪ થી ૦૬ ઓગસ્ટ સુધીનો રેહશે તેમજ ઈ- ઓકશનનું પરિણામ તા. ૭મી ઓગસ્ટના રોજ બપોરના ૩.૦૦ કલાક સુધી જાહેર કરવામાં આવશે. ઓનલાઈન ઓકશનમાં ભાગ લેનાર અરજદારે મુખ્ય કામગીરી કરવાની રહેશે. આ માટે પરિવહનની વેબસાઈટ પર નોંધણી કરી, યુઝર આઈ.ડી.પાસવર્ડ તૈયાર કરવાનો રહેશે. વેબસાઈટ પર લોગ-ઈન કરીને વાહન ખરીદીના દિવસ-૭ની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. હરાજીની પ્રક્રિયામાં ભાગ લેનારે એપેન્ડી-એ ઉપર આપેલી વિગતવાર સૂચનાઓ મુજબ ચૂકવણું કરવાનો અને વાહન નંબર મેળવવાનો રહેશે. અરજદારે હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણાં જમા કરાવવાના રહેશે. જો આ નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ રકમ બેઝ પ્રાઈસને જપ્ત કરવામાં આવશે અને ફરીવાર હરાજી કરાવવામાં આવશે. ઓનલાઈન ઓકશન દરમ્યાન અરજદારે આરબીઆઈ દ્વારા નક્કી કરેલ દરે ચાર્જ ચૂકવવાનો રહેશે. ટુ- વ્હીલર તથા ફોર- વ્હીલર માટે સિલ્વર નંબર તથા ગોલ્ડ નંબર માટે જરૂરી બેઝ પ્રાઈસ ચૂકવવાની રહેશે.

હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલાં અરજદારને સફળ ગણી બાકીના નાણાં દિન-પાંચમાં ભરપાઈ કરવા માટે એસએમએસ કે ઈમેલથી જાણ કરવામાં આવશે. હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણાં પરત કરવાના રહેશે. એટલે કે નેટ બેંકિંગ, ક્રેડિટ કે ડેબિટ કાર્ડથી ચુકવણું કર્યું હશે તો તે જ પધ્ધતિથી નાણાં અરજદારના ખાતામાં એસબીઆઈ ઈબે દ્વારા પરત કરવામાં આવશે તેવું સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ જણાવ્યું છે.

## કઈ કઈ સીરીઝ માટે ઓનલાઈન હરાજી કરાશે?

ગાંધીનગર એ.આર.ટી.ઓ. કચેરી દ્વારા ટુ વ્હીલર માટે જીજે-૧૮માં ડીજી, ડીએચ, ડીજે, ડીકે, ડીએલ, તથા એલ.એમ.વી કાર માટે જીજે-૧૮માં બીકે, બીએલ, બીએમ, બીએન અને બીપી સીરીઝમાં રી-ઓકશન કરવામાં આવશે. પસંદગીના નંબરો માટે રાજ્ય સરકાર દ્વારા પરિપત્રથી આપેલી સૂચનાનુસાર ગોલ્ડન નંબરો, સિલ્વર નંબરો, બેઝ એમાઉન્ટ રજિસ્ટ્રેશન ટેક્ષ, સી.એન.એ ફોર્મ વગેરેને મૂળભૂત રીતે યથાવત રાખી, વાહન ૪.૦ માં ઉપલબ્ધ નાગરિક કેન્દ્રિત સગવડને લક્ષમાં રાખી, સરકાર દ્વારા વાહનના નંબરોની હરાજી પારદર્શક, ઝડપી અને કાર્યક્ષમ બનાવવા ઓનલાઈન ઓકશનથી કરવાનું નકકી કરવામાં આવ્યું છે.

# રાજ્યમાં ૪૭ ટકાને પ્રથમ ડોઝ

### રાજ્યમાં કોરોના વેક્સિનેશન મેળવનારા લોકોની સંખ્યા ત્રણ કરોડ એક લાખે પહોંચી : પર મિલિયન વેક્સિનેશનમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર

ગાંધીનગર, તા. ૨૦

કોરોના મહામારી સામે રક્ષણાત્મક ઉપાય એવી કોરોના વેક્સીનેશનની રાજ્યવ્યાપી સઘન કામગીરી અન્વયે ૨૦મી જુલાઈ-૨૦૨૧ સુધીમાં રાજ્યમાં ૪૭ટકા લોકોને વેક્સીનના પ્રથમ ડોઝથી સુરક્ષિત કરવામાં આવ્યા છે. પર મિલિયન વેક્સિનેશનમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર છે.

ગુજરાતમાં ૧૮ વર્ષથી ઉપરની વયના રસીકરણ માટે પાત્રતા ધરાવતા કુલ ૪,૯૩,૨૦,૯૦૩ લોકોમાંથી ૪૭ ટકા એટલે કે ૨ કરોડ ૩૧ લાખ ૩૦ હજાર ૯૧૩ લોકોને અત્યાર સુધીમાં કોરોના વેકસીનનો પ્રથમ ડોઝ આપી દેવાયો છે. એટલું જ નહિ, ૭૦ લાખ ૧૬ હજાર ૮૩ લોકોને બીજો ડોઝ આપવામાં



આવેલો છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં કોરોના વેકસીનેશનની સ્થિતીની સર્વગ્રાહી સમીક્ષા દરમ્યાન આ વિગતો આપવામાં આવી હતી.

સમગ્રતયા રાજ્યમાં ૨૦મી જૂલાઈના દિવસે ૪ લાખ ૧૨ હજાર ૪૯૯ લોકોને કોરોના રસીથી સાંકળી લેવામાં આવ્યા છે.

આમ, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના દિશાદર્શનમાં રાજ્ય સરકારના આરોગ્ય વિભાગના સૌ કર્મીઓએ લોકોને કોરોના વેકસીનેશન આપવા માટે આદરેલી ઝૂંબેશના પરિણામે ૨૦મી જુલાઈ સુધીમાં ૩ કરોડ ૦૧ લાખ ૪૬ હજાર ૯૯૬ લોકોનું રસીકરણ સંપન્ન થયું છે.

ગુજરાતમાં ૨૦મી જુલાઈ સુધીમાં જે ૨ કરોડ ૩૧ લાખ ૩૦ હજાર ૯૧૩ લોકોને પ્રથમ ડોઝ અપાયો છે તેમાં ૧૯,૬૪,૯૪૮ હેલ્થકેર વર્કર્સ અને ફ્રન્ટલાઈન વર્કર; ૪૫થી વધુ વયના ૧,૧૬,૩૭,૦૮૭ તેમજ ૧૮ થી ૪૪ વયજૂથના ૯૫,૨૮,૮૭૮ લોકોનો સમાવેશ થાય છે.

રાજ્યના આઠ મહાનગરોમાં રસી લેવાની પાત્રતા ધરાવતા ૧,૦૯,૯૯,૬૪૨ વ્યક્તિ સામે ૭૪,૭૬,૧૭૪ નાગરિકોને રસીનો પ્રથમ ડોઝ અને ૨૧,૮૯,૬૦૭ નાગરિકોને રસીનો બીજો ડોઝ આપી દેવાયો છે.

આમ સમગ્રતયા રાજ્યના ૮ મહાનગરોમાં કુલ ૯૬,૬૫,૭૮૧ રસીના ડોઝ આપવામાં આવ્યા છે અને ૬૮% શહેરીજનોને પ્રથમ ડોઝ આપી દેવાયો છે.

# દક્ષિણના અનેક જિલ્લામાં ૫ દિ'ભારે વરસાદની આગાહી

### સાર્વત્રિક વરસાદની હવામાન ખાતાની આગાહી : ૨૧ જુલાઈથી ૨૫ જુલાઈ દરમિયાન રાજ્યમાં મોટા ભાગના વિસ્તારોમાં વરસાદ થવાની સંભાવના

સુરત, તા.૨૦

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સુધી દક્ષિણ ગુજરાતના અનેક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી આગાહી મુજબ ૨૧ જુલાઈથી ૨૫ જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, તાપી, ભરૂચ અને ઉત્તર ગુજરાતના પાટણ, સાબરકાંઠા અને બનાસકાંઠા તેમજ મધ્ય ગુજરાતના વડોદરામાં ભારેથી અતિભારે વરસાદ પડશે.

આગામી ૫ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી અનુસાર ૨૧ જુલાઈએ સુરત, ડાંગ, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલી (ભારે વરસાદ), ૨૨ જુલાઈએ નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલી (ભારે વરસાદ), ૨૩ જુલાઈએ વલસાડ અને દાદરા નગર હવેલી (ભારે વરસાદ), ૨૪ જુલાઈએ ડાંગ, નવસારી, વલસાડ અને દાદરા નગર હવેલી (ભારે વરસાદ), ૨૫ જુલાઈએ નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, વડોદરા, ભરૂચ, સુરત, ડાંગ અને તાપી (ભારેથી અતિભારે વરસાદ)માં પડશે. સોમવારે સુરતમાં વરસાદને કારણે શહેરમાંથી પસાર થતી તમામ ખાડીઓના જળસ્તરમાં વધારો જોવા મળ્યો હતો. આ દરમિયાન મીઠીખાડી અને સીમાડા ખાડી ઓવરફ્લો થતાં નીચાણવાળા વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. શહેરના લિંબાયત વિસ્તારમાંથી પસાર થતી મીઠી ખાડી મોડીરાતથી જ ઓવરફ્લો થવાને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ઉપરાંત શહેરના છેવાડે આવેલા કુંભારિયા, પાસોદરા, સણિયા, હેમાદ સહિતના નીચાણવાળા વિસ્તારોમાં ભારે જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. જેના કારણે ૨૦ પરિવારોનું સુરક્ષિત સ્થળાંતર કરવામાં આવ્યું હતું.

## દક્ષિણ ગુજરાતની નદીઓમાં પુર, ૧૧૧ તાલુકામાં વરસાદ વરસ્યો

### ગુજરાતમાં ચોમાસાની જમાવટ, ખેડૂતોને રાહત : સૌથી વધુ વરસાદ વલસાડના કપરાડામાં ૫ ઇંચ, ધરમપુરમાં ૪ ઇંચ, ૧૦ તાલુકામાં બે ઇંચથી વધુ વરસાદ

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતમા હવે ચોમાસું જામ્યું છે. મન મૂકીને મેઘરાજા વરસી રહ્યા છે. જેથી લોકો તથા ધરતીપુત્રોએ રાહતનો શ્વાસ લીધો છે. છેલ્લા બે દિવસથી ગુજરાતના અનેક જિલ્લાઓમા મેઘરાજાની ધમાકેદાર બેટિંગ જોવા મળી છે. જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતની નદીઓમાં વરસાદથી ધોડાપૂર આવ્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન વરસાદના આંકડા પર નજર કરીએ તો, ૧૧૧ તાલુકામાં વરસાદ નોંધાયો છે.

રાજ્યમાં ૨૪ કલાક દરમિયાન સૌથી વધુ વરસાદ વલસાડના કપરાડામાં ૫ ઈંચ વરસ્યો છે. તો વલસાડના ધરમપુરમાં ૪ ઈંચ વરસાદ નોંધાયો છે.

નવસારીના ખેરગામ અને આહવા ડાંગમાં ૩ ઈંચ કરતા વધારે વરસાદ નોંધાયો છે. આમ, રાજ્યના ૧૦ તાલુકામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન બે ઈંચથી વધારે વરસાદ જોવા મળ્યો છે. તો ૨૭ તાલુકામાં ૧ ઈંચ કરતા વધારે વરસાદ નોંધાયો છે.

સુરતમાં મેઘરાજાએ અવિરત બેટિગ કરીને પાલિકાની પોલ ખોલી છે. ગઈકાલે માત્ર દોઢ ઈંચ વરસાદમાં જળબંબાકારની સ્થિતિ ઉદભવી હતી. તો સુરતનો કોઝવે લોકોની અવરજવર માટે બંધ કરાયો હતો. કોઝવેની સપાટી ૬ મીટર થતાં કેને બંધ કરાયો છે. ઉપરવાસમાં ભારે વરસાદથી કોઝવેનું લેવલ વધ્યું છે.

# નાગાલેન્ડથી બનાસકાંઠા આવેલા ૨૦ બીએસએફ જવાનો કોરોના સંક્રમિત

### વેરિએન્ટ જાણવા સેમ્પલ ગાંધીનગર મોકલાયા : કોરોના સંક્રમિત જવાનોને થરાદની મોડેલ સ્કૂલમાં આઇસોલેટ કરાયા

પાલનપુર

બીએસએફ જવાનોના વધુ ટેસ્ટ કરતા ટોટલ ૨૦ પોઝિટિવ કેસ આવ્યા છે અને તાત્કાલિક તમામ કોરોના સંક્રમિત





જવાનોને થરાદની મોડેલ સ્કૂલમાં આઈસોલેટ કરાયા છે.

૪૫૦ જવાનોને થરાદ રાખવામાં આવ્યાછે. ડો.નરેશ ગર્ગએ જણાવ્યું હતું કે બનાસકાંઠા જિલ્લામાં એક નાગાલેન્ડથી બીએસએફની બટાલિયન ૩ તારીખે પાલનપુર રેલ્વે સ્ટેશને ઉતરી અને પાલનપુરથી જવાનોને થરાદ લઈ જવામાં આવ્યા હતા. બીએસએફના પ્રોટોકોલ જવાનોનો પહેલા ટેસ્ટ કરવામાં આવે છે. જે પ્રમાણે ટેસ્ટ દરમિયાન સ્ટાટીંગ માં સાત જવાનો પોઝિટિવ આવ્યા હતા. ટોટલ ૪૫૦ જવાનોને થરાદ રાખવામાં આવ્યા છે. ૪૫૦ માંથી ૭ પોઝિટિવ આવતા વધુ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાં કુલ ૨૦ જવાનો પોઝિટિવ આવ્યા છે. તપાસ ચાલુ છે. થરાદ મોડેલ સ્કૂલમાં તમામને આઈસોલેટ કરવામાં આવ્યા છે,આ જવાનોને કયો વેરિયન્ટ છે તે વેરિયન્ટ જાણવા માટે તમામના સેમ્પલ ગાંધીનગર મોકલ્યા છે. નાગલેન્ડથી એક બટાલિયન જવાનોની ટુકડી બનાસકાંઠાના સુઈગામ ખાતે આવી છે. જે માંથી કેટલાકને શંકાસ્પદ લક્ષણો જણાતા આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લઈ તપાસ અર્થે મોકલી આપ્યા હતા. જેમાંથી પહેલા ૭ જેટલા જવાનોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા આરોગ્ય વિભાગ પણ હરકતમાં આવ્યું હતું. જે બાદ વધુ ૧૩ કેસ આવ્યા હતા.

### ચિલોડા-હિંમતનગર હાઈ વે પર

# નશામાં ધુત યુવકોએ પીસીઆર વાનની પાછળ કાર ભટકાઈ

ગાંધીનગર, તા.૨૦

ચિલોડા-હિંમતનગર હાઈ-વે પર રાત્રીના સમયે પેટ્રોલીંગમાં નીકળેલી પીસીઆર ગાડીની પાછળના ભાગે અન્ય કાર અથડાઈ હતી. બંન્ને યુવકો નશામાં ધુત થઈને અમદાવાદ ઘર તરફ જતા હતા. તે સમયે પીસીઆર વાનની પાછળ કાર ભટકાતા બંન્ને યુવકોનો અડધો નશો ઉતરી ગયો હતો. બનાવ અંગે ચિલોડા પોલીસે યુવકો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ચિલોડા પોલીસ મથકના કર્મચારી કિરણ ઠાકોર, અને ઈન્ચાર્જ વિક્રમ ઠાકોર ગતરોજ રાત્રીના સમયે નાઈટ પેટ્રોલીંગ માટે પીસીઆર ગાડી નં. ૨૯૧ માં લઈને નીકળ્યા હતા. તે સમયે હિંતમનગર હાઈ વે પરથી ચિલોડા તરફ અચાનક આવી રહેલી કાર નં. જી.જે.૨૭.કે.૩૪૭૯ રોકેટ ગતિએ પીસીઆર વાનની પાછળ અથડાવી હતી. જેને પગલે પોલીસ કર્મચારીઓ ગભરાતા હતા. પીસીઆર વાનની પાછળના ભાગે લાઈટ અને દરવાજાને નુકશાન થયું હતું.પોલીસે કારમાં સવાર યુવકોની પુછતાછ કરતા યુવકો રાજાપાઠમાં હોવાનું ધ્યાને આવ્યું હતું. જયારે કારમાં સવાર યુવકોમાં વસ્ત્રાલ શ્રી શરણ ફલેટમાં રહેતા હિરેન અશોકભાઈ પટેલ અને રાકેશરાજ મંગલ દ્રારકાદાસ ગુપ્તા કાર લઈને રતનપુર બોર્ડર પાર્ટી કરવા માટે ગયા હતા. પાર્ટી કર્યા બાદ ચિક્કાર દારુ પીધેલા અડધી રાતે ઘરે જવા માટે નીકળ્યા હતા. તે સમયે ચિલોડા હાઈ વે પર નાઈટ પેટ્રોલીંગ કરી રહેલી પીસીઆર વાનની પાછળના ભાગે કાર અથડાતા યુવકોનો નશો ઉતરી ગયો હતો. ત્યારે મળતી વિગત મુજબ બંન્ને મિત્રો ઘરે જઈ રહ્યા હતા તે સમયે હિરેન પટેલને ઘરેથી ફોન આવતા તે વાત કરી રહ્યો હતો. તે સમયે અચાનક કાર પરનો કાબુ ગુમાવી દેતા પોલીસની પીસીઆરની પાછળ કાર ઘુસી જતા પોલીસે બંન્ને યુવકો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### બનાસકાંઠામાં પાણીની સમસ્યાનો ઉકેલ નહી આવે તો

# ઈતિહાસમાં લખાય તેવુ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચિમકી

### ૨૧ દિવસનું સરકારને અલ્ટીમેટમ અપાયુ પાણીની સમસ્યાનો ઉકેલ નહી આવે તો ધારાસભ્યોનો ઘેરાવો થશે

બનાસકાંઠામાં પાણીના તળ ઉંડા જતા ખેડૂતોને પિયત માટે તો ઠીક પણ પિવાના પાણી માટે પણ મુશ્કેલ બન્યુ છે.જેથી ખેડૂતો દ્વારા બનાસકાંઠામાં પાણીની સમશ્યા ઉકેલવા માટે ૨૧ દિવસનું અલ્ટીમેટમ આપવા આવેદન પત્ર આપ્યુ છે.જો ૨૧ દિવસમાં પાણીની સમશ્યાનો કોઈ ઉકેલ નહી આવે તો ઈતિહાસમાં ન થયુ હોય તેવુ આંદોલન ગાંધી ચિંધ્યામાર્ગે જવાની ચિમકી આપવામાં આવી છે.

બનાસકાંઠા પાણીના તળ દિન-પ્રતિ-દીન ઉંડા થતા જાય છે.વરસાદ આવતો નથી જેના કારણે ખેડૂતોને ખેતી માટે તો ઠીક પણ પિવાના પાણીની પણ વિકટ સમશ્યા સર્જાઈ છે.જેથી આ બાબતે વિવિધ સંગઠનો અને રાજકીય આગેવાનો દ્વારા વિધાનસભામાં રજૂઆત કરવામાં આવે છે.પરંતુ સરકાર દ્વારા બનાસકાંઠા સામે ઓરમાયુ વર્તન રાખવામાં આવે છે.જેના કારણે ખેડૂતોની હાલત કફોડી બની છે.જેથી બનાસકાંઠાના ખેડૂતો દ્વારા સરકારને ૨૧ દિવસમાં બનાસકાંઠાની પાણીની સમશ્યાનો ઉકેલ લાવવામાં આવે નહી તો ૨૧ દિવસ પછી પણ સરકાર દ્વારા પાણીનો ઉકેલ નહી લાવવામાં આવે તો તમામ તાલુકામાં આવેદન પત્ર આપવામાં આવશે.

**બનાસકાંઠામાં પાણીના ભૂગર્ભ જળ ૧૨૦૦ ફૂટ આસપાસ પહોંચ્યો છે : રામસિંહભાઈ રાજપુત - ખેડૂત**

ખેડૂતોની હાલત દિન-પ્રતિ-દીન કફોડી બની રહી છે.ખેતી સાથે પશુ પાલન નિભાવવવામાં નુકશાન વેઠવુ પડે છે.અત્યારે પાણીનો ભૂગર્ભ જળ ૧૨૦૦ ફૂટ આસપાસ પહોંચી ગયો છે.પાણી ગોતવા જઈએ તો મળતુ નથી વારંવાર સુજલામ સુફલામનુ પાણી કાપી નાખવામાં આવે છે.કેનાલોમાં સરકાર દ્વારા ઓરમાયુ વર્તન રાખી બંધ કરવા ચાલુ કરવામાં આવતા તેમની નીતિઓ ખરાબ હોય તેવુ લાગી રહ્યુ છે.બનાસકાંઠાના ખેડૂતો અને પશુપાલકોને ન્યાય નહી મળે તો આગામી દિવસોમાં ખેડૂતો,ખેડૂત સંગઠનો અને સામાજીક કાર્યકરો સાથે રાખી ગુજરાત સરકાર સામે ગાંધી ચિંધ્યા માર્ગે એવુ આંદોલન કરીશુ કે જે ઈતિહાસના પાનાની અંદર લખાશે કે ખેડૂતોએ પોતાના હક અને અધિકાર માટે આંદોલન કર્યુ હતુ.

# પાલનપુરથી એક ટ્રકમાં ૧૬૨ ઘેટા-બકરા બચાવી ડીસાની કાંટ પાંજરાપોળમાં મુકવામાં આવ્યા

બનાસકાંઠા જીલ્લો રાજસ્થાન – ગુજરાત સરહદ પર આવેલ છે. સરહદી વિસ્તાર હોવાથી ગેરકાયદેસરથી સામગ્રી તેમજ પશુઓની હેરાફેરી કરવામાં આવે છે તેમાં દારૂ, અફીણ, ડ્રગ્સ જેવી ગંભીર ગુનાહિત સામગ્રી તેમજ પશુઓની ગેરકાયદેસર હેરાફેરી કારવામમાં આવે છે. તો કેટલી વાર જીવદયાપ્રેમીઓ અને બાતમીદારો દ્વારા પોલીની મદદથી પોલીસ ચેકીંગ દરમિયાન પશુઓની હેરાફેરી કરતી ગાડીઓ ઝડપાઈ જતી હોય છે.

પાલનપુર જુના આર.ટી.ઓ સર્કલ વિસ્તારમાંથી ફરિયાદી ચૈતન્યકુમાર પોપટલાલ રાણા તેમના મિત્ર લાલજીભાઈ અમરતભાઈ દેસાઈ મોટર સાયકલ પર પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન આબુરોડ તરફથી આવતી શંકાસ્પદ ટ્રકને જોઈ ટ્રકનો પીછો કરી લીલા લહેર કાઠીયાવાડી હોટલ આગળ મોટરસાયકલ ટ્રકની આગળ લઈ જઈ ટ્રક રોકાવેલ. ટ્રક રોકવી ટ્રકમાં જોતા ખીચોખીચ ઘેટા-બકરા ભરેલા હતા અને ચીસો સાંભળવા મળી હતી જેથી ત્યાં ડીસાના રમેશભાઈ જેઠવા, મયુરભાઈ ચોકસી, ચૈત્ય, પીન્ટુ વગેરે પહોંચી સાથે મળી જીવદયાપ્રેમીઓ ઘેટાં–બકરા ભરેલ ટ્રકને પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે લઈ આવ્યા હતા પોલીસને ટ્રક કબજે કરી તેની તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવા રજૂઆત કરેલ.

પાલનપુર પોલીસે ટ્રક નંબર:પ્ન-૦૯-છફ-૬૧૩૨ની તપાસ કરતા એક જ ટેમ્પામાં ૧૬૨ ઘેટા-બકરા ક્રુરતા પૂર્વક અને ક્રુરતાપૂર્વક ભરેલા જોવા મળ્યા હતા તે બાબતે પોલીસે ડ્રાઈવર અપ્પુખાન શરીફખાન સિંધી તેમજ ઈસ્માઈલખાન શોહરાબખાન સિંધીને પુછપરછ કરતા ટ્રક ચાલકે પોલીસને જણાવ્યું હતું કે, તેઓ ગુડામલાણી, જી.બાડમેર રાજસ્થાનથી બકરી ઈદ માટે ૧૬૨ ઘેટા-બકરા ભરી અમદાવાદ રાણીપ પશુ મંડીમાં લઈ જઈ રહ્યા હતા. તેમની પાસે કોઈ પાસ – પરમીટ પણ ન હતા. પાલનપુર પોલીસે જેથી ગેરકાયદેસર પશુઓની હેરાફેરી કરતા હોવાનું માલુમ થતા પોલીસે ૧૬૨ ઘેટા-બકરા તેની અંદાજીત ૧,૬૨,૦૦૦/- અને ૪,૦૦,૦૦૦/- ટ્રક આમ કુલ્લે ૫,૬૨,૦૦૦/-નો મુદ્દામાલને કબજે લઈ ૨ ઈસમો વિરુદ્ધ પશુઓ પ્રત્યેનો ઘાતીયાપણું અટકવાનો અધીનાયમ કલમ ૧૧ (૧), ૧૧ (૧) અને પશુ સરક્ષણ અધિનયમ કલમ ૫, ૬, ૮ મુજબ ગુન્હો નોધી બચાવેલ ઘેટા-બકરાને ડીસાની રાજપુર ડીસા પાંજરાપોળ ખાતે સારસંભાળ માટે મુક્યા હતા ત્યાં પાંજરાપોળમાં પશુઓને ઉતારી તેને જરૂરી સારવાર તેમજ ખોરાક પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

**એન્ટીબોડી...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

મળી, જેનો અર્થ છે કે આશરે ૪૦ કરોડ લોકોને હજુ પણ કોરોના વાયરસ સંક્રમણનો ખતરો છે. કોરોના કેસને ધ્યાનમાં રાખતા સરકારે લોકોને કહ્યું કે, સામાજિક, ધાર્મિક, રાજકીય મેળાવડાથી દૂર રહે, બિનજરૂરી યાત્રા ટાળે, અને સંપૂર્ણ રસીકરણ બાદ યાત્રા કરે. આઈસીએમઆરે કહ્યું કે, બાળકો વાયરસના સંક્રમણનો સારી રીતે સામનો કરી શકે છે. પ્રાથમિક વિદ્યાલયોને પહેલા ખોલવા પર વિચાર કરવો યોગ્ય રહેશે.

સીરો સર્વોમાં સામેલ ૧૨,૬૦૭ લોકો એવા હતા, જેણે વેક્સિન લીધી નથી. ૫૦૩૮ એવા હતા જેને એક ડોઝ લાગ્યો હતો અને ૨૬૩૧ ને બંને ડોઝ લાગ્યા હતા. સર્વેમાં સામે આવ્યું કે, વેક્સિનના બંને ડોઝ લેનારામાં ૮૯.૮ ટકા એન્ટીબોડી બની. તો એક ડોઝ લેનારામાં ૮૧ ટકા એન્ટીબોડી બની છે. તેણે વેક્સિન નથી લીધી એવા ૬૨.૩ ટકા લોકોમાં એન્ટીબોડી મળી. તેવામાં એવું માની શકાય છે કે વેક્સિન લીધા બાદ એન્ટીબોડી બની રહી છે.

**હંગામો...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકોના મોત થયા, તે રહસ્ય રહેશે? સરકાર દેશમાં કોરોનાને કારણે ૪ લાખથી વધુ લોકોના મોત જણાવે છે., સરકાર જે ખોટા આંકડા જાહેર કરી રહી છે તે સત્યથી દૂર છે. સરકારે માનવું જોઈએ કે તે કોરોનામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે. આરએસએસ પર નિશાન સાધતા ખડગે કહ્યું કે આરએસએસના વડા મોહન ભાગવતે ૧૫ મે ૨૦૨૧ ના ??રોજ કહ્યું હતું કે જેઓ ચાલ્યા ગયા તેઓ મુક્ત થઈ ગયા. છેવટે, સરકારને સમર્થન આપતા સંઘની નીતિ અને હેતુ શું છે, તે આ વાત પરથી સ્પષ્ટ થાય છે?

**શાળાઓ ખોલવા...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખુબ ઓછા છે. જે જિલ્લાઓમાં સંક્રમણ દર પાંચ ટકાથી પણ નીચે છે, ત્યાં શાળાઓ ફરીથી ખોલી શકાય છે.

એમ્સ ડાયરેક્ટરે બાળકોમાં સંક્રમણ દરને લઈનને જાણકારી આપતા કહ્યું કે દેશમાં એવા બાળકોની સંખ્યા ખુબ ઓછી છે જે વાયરસની ઝપેટમાં આવેલા છે અને મોટાભાગના બાળકોની ઈમ્યુનિટી ખુબ મજબૂત છે. તેમણે કહ્યું કે અનેક બાળકોમાં તો વાયરસ સામે લડવા માટે નેચરલ ઈમ્યુનિટી પણ તૈયાર થઈ ગઈ છે. આવામાં જે બાળકો ઓનલાઈન ક્લાસ લેવામાં સક્ષમ નથી તેમના માટે શાળાઓ ફરીથી ખોલવી જોઈએ.

ડોક્ટર ગુલેરિયાએ એ વાત ઉપર પણ ભાર મૂક્યો કે હાલાતની સતત સમીક્ષા કરવામાં આવે અને જો સંક્રમણ ફેલાવવાની સ્થિતિ પેદા થાય તો તત્કાળ શાળાઓને બંધ પણ કરી શકાય છે.

તેમણે સૂચન આપ્યું કે વૈકલ્પિક રીતે બાળકોને શાળાએ મોકલી શકાય છે, આ સિવાય પણ અનેક ઉપાય છે જેના પર કામ કર્યા બાદ શાળાઓ ફરીથી ખોલી શકાય છે.

તેમણે કહ્યું કે કોરોના પ્રોટોકોલનું પાલન કરતા માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગની સાથે શાળાઓ ફરીથી ખોલી શકાય છે. આ સાથે જ ત્યાં યોગ્ય રીતે વેન્ટિલેશનની વ્યવસ્થા કરવાની જરૂર રહેશે.

બાળકો માટેની રસી મુદ્દે ડો.ગુલેરિયાએ કહ્યું કે આ વર્ષે સપ્ટેમ્બર સુધીમાં બાળકોની રસી આવી શકે છે. કારણ કે બાળકોની કોવેક્સિનની ક્લિનિકલ ટ્રાયલથી ભેગા થયેલા ડેટા એ વાતનું આશાનું કિરણ આપે છે. દેશમાં કોરોનાની સ્થિતિની વાત કરીએ તો છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૩૦,૦૯૩ નવા કેસ નોંધાયા છે. જ્યારે ૩૭૪ લોકોના કોરોનાથી જીવ ગયા છે. દેશમાં અત્યાર સુધીમાં રસીના કુલ ૪૧,૧૮,૪૬,૪૦૧ ડોઝ અપાયા છે.

**તાલીમ શરૂ કરી...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો મુજબ આ તાલિમની સાથે આ ડ્રાયવર અને ક્લીનરોને જન-જાગૃત્તિ અભિયાન માટે ખાસ પ્લેમફલેટ અને સ્ટીકર્સ પણ મનપા દ્વારા વિતરણ માટે આપવામાં આવનાર છે.

આ તાલિમ આપવાનું કાર્ય મનપાની સેનીટાઈઝેશન શાખાના સુપ્રિટેન્ડન્ટ અને અન્ય અધિકારીઓ કરી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં દરરોજ ૧૩૦ મે.ટનથી પણ વધારે ઘનકચરો એકત્ર કરવામાં આવે છે. તેના નિકાલ માટે મનપાએ ત્રણ ટ્રોમિલ પણ ભાડે લેવામાં આવી છે જે ઉલ્લેખનીય છે.

**પ્રવાસ કરશે...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા આ અહેવાલની ચકાસણી કરવામાં આવનાર છે. આ માટેની લગભગ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે.

આ નવતર અભિગમથી લોકોમાં તંત્રના અભિગમમાં શુ બદલાવ જરૂરી છે તેનો પણ એક અંદાજ આવશે. જે નીતિ વિષયક બાબતો હશે તેના ઉકેલ માટે જે તે વિભાગ સાથે પરામર્શ પણ કરવામાં આવશે અને તેના નિકાલ માટેના સક્રિય પ્રયાસો કરાશે.

**આ વર્ષે ઘટ...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જણાવવામાં આવ્યુ છે કે આગામી પાંચ દિવસ આકાશ મોટે ભાગે વાદળછાયુ રહેશે અને હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે. મહત્તમ તાપમાન ૩૨-૩૪ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૬-૨૭ ડિગ્રી સે. રહેવા સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૩ થી ૭૭ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૯ થી ૨૫ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

આ બુલેટીનમાં ખેડૂતોને પણ ચોમાસાની ઋતુમાં સીમમાંથી વરસાદના વધારાના પાણીના સંગ્રહ માટે અને ભૂગર્ભ રિચાર્જ માટે યોગ્ય વ્યવસ્થા કરવાની સલાહ આપવામાં આવી છે. જિલ્લામાં વરસાદની ઘટને કારણે શાકભાજીના ભાવો પણ આસમાને પહોંચ્યા છે તેમજ મોંઘવારીનો માર પડવાથી જનજીવન ખોરવાઈ જવાની કગાર પર આવીને ઉભુ છે.